

11 જાન્યુઆરીએ કોટંબી ઇન્ટરનેશનલ સ્ટેડિયમમાં ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે સિરીઝની પ્રથમ વન-ડે મેચ રમાવાની છે. જેને લઈને બંને ટીમ ગઈકાલે શહેરમાં આવી પહોંચી હતી. ટીમ ઇન્ડિયા શહેરની હાયત પેલેસ હોટલમાં રોકાઈ છે. જ્યાં વિરાટ કહોલી અને રોહિત શર્મા સહિતના ક્રિકેટર્સની એક ઝલક જોવા ચાહકો ઉમટી પડ્યા હતા. ઇન્ડિયા અને ન્યૂઝીલેન્ડની ટીમે ખેલાડીઓએ સવારે કોટંબી સ્ટેડિયમ પર પ્રેક્ટિસ કરી હતી. **(તસવીર : રણજીત સૂર્વે)**

# વડોદરામાં ક્રિકેટ ફિવર : ભારત-ન્યૂઝીલેન્ડ મેચ અગાઉ ટી-શર્ટ અને ટોપીની ધૂમ ખરીદી

(પ્રતિનિધિ) વડોદરા તા.8

આગામી 11 જાન્યુઆરીના રોજ વડોદરાના કોટંબી ખાતે આવેલા બીસીએ (BCA) સ્ટેડિયમ ખાતે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાનારી રોમાંચક એક દિવસીય (ODI) ક્રિકેટ મેચને લઈને શહેરભરમાં જબરદસ્ત ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ખેલાડીઓનું આગમન થઈ ચૂક્યું છે અને ક્રિકેટપ્રેમીઓમાં 'ક્રિકેટ ફીવર' ચરમસીમાએ છે. મેચને ગણતરીના દિવસો બાકી છે ત્યારે ક્રિકેટ રસિકો પોતાની પ્રિય ટીમ ઈન્ડિયાને સપોર્ટ



કરવા માટે ઉત્સુક છે. આ ઉત્સાહના ભાગરૂપે, ટીમ ઈન્ડિયાની ટી-શર્ટ અને ટોપી લેવા માટે શહેરના મુખ્ય માર્ગો પર જાણે પડાપડી થઈ રહી છે. શહેરના મુખ્ય વિસ્તારો જેવા કે એલેમ્બિક અને ગેંડા સર્કલ રોડ ખાતે ભારતની ટી-શર્ટ અને ટોપીનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. દુકાનો અને હંગામી સ્ટોલ્સ પર ક્રિકેટ ચાહકોની મોટી ભીડ જોવા મળી રહી છે.

યુવાનો, બાળકો અને પરિવારજનો સહિત મોટી સંખ્યામાં લોકો ભારતીય ટીમની જર્સી અને ટોપી ખરીદવા માટે ઉમટી રહ્યા છે. ખાસ કરીને ભારતીય ટીમની બ્લુ જર્સીની માંગ સૌથી વધુ છે, જેને પહેરીને ચાહકો મેદાનમાં પોતાની ટીમનો ઉત્સાહ વધારવા માંગે છે. કેટલાક ચાહકો તેમના મનપસંદ ખેલાડીઓ - જેમ કે રોહિત શર્મા, વિરાટ કોહલી કે શુભમન ગિલના નામ અને નંબર વાળી જર્સીની પણ માંગ કરી રહ્યા છે. આ વેચાણકર્તાઓ માટે પણ આ સમયગાળો આવકનો સારો સ્રોત બન્યો છે. ક્રિકેટની મેચના કારણે સર્જાયેલો આ માહોલ સ્પષ્ટ દર્શાવે છે કે વડોદરાવાસીઓમાં ક્રિકેટ પ્રત્યેનો પ્રેમ કેટલો ઊંડો છે. શહેરમાં 15 વર્ષ બાદ તારીખ 11 જાન્યુઆરીના રોજ બીસીએ સ્ટેડિયમમાં જ્યારે બંને ટીમો મેદાન પર ઉતરશે, ત્યારે સ્ટેડિયમમાં હાજર બ્લુ જર્સીધારી દર્શકોનો ઉત્સાહ ખેલાડીઓ માટે પણ પ્રેરણાદાયક બની રહેશે.

## ચૂંટણીના નિયમોની માહિતી લેવા ગયેલા બીસીએના સભ્યોનો ફોગટ ફેરો

**સિક્યુરિટીએ** સભ્યોની લેખિત રજૂઆત સ્વિકારી,સભ્યોએ નારાજગી દર્શાવી

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

બરોડા ક્રિકેટ એસોસિએશનની વર્ષ 2026 થી વર્ષ 2029 ના સત્ર માટેની ચૂંટણી ની જાહેરાત થઈ ગઈ છે જેની માટેનું નોટિફિકેશન પણ જાહેર કરી દેવામાં આવ્યું છે. ત્યારે,બીસીએના કેટલાક સભ્યો મૂંઝવણમાં મુકાયા છે. બીસીએ ઓફીસ ખાતે રજૂઆત કરવા ગયેલા સભ્યોએ જણાવ્યું હતું કે, અમે જે ઈલેક્શનનું નોટિફિકેશન જે બહાર પાડ્યું છે. એ કયા મેમોરેન્ડમ ઓફ આર્ટીકલ પ્રમાણે બહાર પાડ્યું છે. કારણ કે, વેબસાઈટ ઉપર અમને જૂનું દેખાઈ રહ્યું છે અને એ લોકો જો નવા પ્રમાણે કર્યું હોય તો એના માટે મેમોરેન્ડમ ઓફ આર્ટિકલની માંગણી કરવા માટે અહીં આવ્યા હતા, પણ ઓફિસમાં કોઈ હતું નહીં. બધા જ સેક્રેટરી, જો.સેક્રેટરી, એપેક્સના તમામ સભ્યો અને મેમ્બરો ગ્રાઉન્ડ ઉપર ગયા હતા. એચઆરના માણસો પણ કોઈ હાજર નથી, આમ તો એચઆરના માણસોને ગ્રાઉન્ડમાં કંઈ કરવાનું હોતું નથી અને જ્યારે ઈલેક્શન તમે ડિકલેર કર્યું હોય, તેવા સમયે કોઈ મેમ્બર એમની કોઈ રજૂઆત લઈને આવે ત્યારે આ સમય દરમિયાન ઓફિસમાં કોઈ જવાબદાર વ્યક્તિ હાજર હોવું જોઈએ.

## "સિગ્નેચર નહીં આપે ત્યાં સુધી ઉભો રહીશ" વિરાટ કોહલીના ફેન અર્જુનની અડગ જીદ

(પ્રતિનિધિ), વડોદરા તા. 8

વડોદરામાં ક્રિકેટ ફીવર ચરમસીમાએ પહોંચી ગયો છે. 11 જાન્યુઆરીએ કોટંબી સ્ટેડિયમ ખાતે ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચેની પહેલી વનડે મેચ યોજાવાની હોવાથી શહેરમાં સ્ટાર ક્રિકેટરોના આગમનથી ઉત્સાહ છવાયો છે. આ વચ્ચે વિરાટ કોહલીના એક ફેનની અડગ જીદ ચર્ચાનું કેન્દ્ર બની છે.



આ દરમિયાન મધરાત્રીએ વિરાટ કોહલી જ્યાં રોકાયા છે તે હોટલ બહાર વડોદરાના સુભાનપુરા વિસ્તારમાં રહેતો ફેન અર્જુન વિરાટ કોહલીનો મોટો ફોટો લઈને પહોંચી ગયો હતો. તેણે જણાવ્યું કે, "જ્યાં સુધી વિરાટ સર આ ફોટા પર સાઈન નહીં આપે ત્યાં સુધી હું અહીંથી હલવાનો નથી." તેણે પોતાના નાનકડા દીકરાનું નામ પણ વિરાટ રાખ્યું હોવાનું જણાવ્યું. પગમાં ઈજા હોવા છતાં લાકડીના સહારે ઊભા રહીને અર્જુને પોતાની ભાવનાઓ વ્યક્ત કરી હતી.

### દારૂની મહેફિલ પર પોલીસે અચાનક રેડથી અફરાતફરી

# સયાજીગંજની હોટલમાં દારૂની પાર્ટી પર પોલીસની રેડ, 8 નબીરા ઝડપાયા

**PM** હોટેલના રૂમ નં. 504માંથી મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલી એક હોટલમાં ચાલતી દારૂની મહેફિલ પર પોલીસે અચાનક રેડ કરી હતી. સયાજીગંજ પોલીસ સ્ટેશનની ટીમે PM હોટેલના રૂમ નંબર 504માં દરોડો પાડી 8 દારૂડિયાને રંગેહાથ ઝડપ્યા હતા. પોલીસને જોઈને દારૂ પીનારાઓનો નશો પણ ઉતરી ગયો હોવાનું દ્રશ્ય જોવા મળ્યું હતું.



પ્રાપ્ત માહિતી અનુસાર, 7 જાન્યુઆરીના રોજ સયાજીગંજ પોલીસ ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન જૂના વિટકોસ બસ સ્ટેશન પાસે બાતમી મળી હતી કે સયાજીગંજ સ્થિત PM હોટેલના રૂમ નં. 504માં કેટલાક લોકો ભેગા થઈ ઇંગ્લીશ દારૂની પાર્ટી માણી રહ્યા છે. બાતમીને આધારે પોલીસે તાત્કાલિક હોટેલમાં રેડ કરી હતી.

પોલીસે દરવાજો ખખડાવતા એક શખ્સે દરવાજો ખોલ્યો હતો. અંદર તપાસ કરતા આઠ શખ્સો બેડ અને ટેબલ પાસે બેસી દારૂ પીતા મળી આવ્યા હતા. પોલીસે તમામને ઝડપી પાડી સ્થળ પરથી સીલ તૂટેલી દારૂની બોટલ, બે સીલબંધ બોટલ (કિંમત અંદાજે 4,000), 8 પ્લાસ્ટિકના ગ્લાસ અને 4 મોબાઈલ ફોન કબ્જે કર્યા હતા.

ઝડપાયેલા આરોપીઓમાં રામલાલ વેનીરામ ખટીક (આજવા રોડ, વડોદરા), ગોપાલ સંજય પાટીલ (ઉધના, સુરત), અજય મુલચંદ સુખવાની (મહારાષ્ટ્ર), દીપ સંતોષકુમાર શર્મા (મહારાષ્ટ્ર), કૈલાશ કનૈયાલાલ જગ્યાસી (વારસીયા, વડોદરા), મોહનલાલ ચૌધરી (તરસાલી), લલીતકુમાર સુરેશકુમાર ચૌધરી (તરસાલી) અને શંકર કેવલરામ જેઠવાણી (સમા રોડ, વડોદરા)નો સમાવેશ થાય છે. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# અનગઢ ગામમાં મહોણી માતાજી મંદિર બહાર પાર્કિંગના નામે શ્રદ્ધાળુઓ પાસેથી ઉઘાડી લૂંટ

**રોકડમાં** રૂ.20 અને ઓનલાઇન પેમેન્ટ માટે રૂ.30 વસૂલાત, વીડિયો વાયરલ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 8

વડોદરા જિલ્લાના અનગઢ ગામમાં આવેલા મહોણી માતાજી મંદિર ખાતે પાર્કિંગના નામે ભક્તો પાસેથી ખુલ્લેઆમ ઉઘાડી લૂંટ ચાલી રહી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. મંદિર ખાતે દર્શન કરવા આવતા ભક્તો પાસેથી રોકડમાં 20 અને ઓનલાઈન પેમેન્ટ કરશો તો 30 વસૂલવામાં આવતાં હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.



મહોણી માતાજીનું મંદિર હજારો ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. ખાસ કરીને રવિવાર અને તહેવારના દિવસોમાં અહીં ભારે ભીડ ઉમટી પડે છે. આવી સ્થિતિમાં કેટલાક બેફામ પાર્કિંગ સંચાલકો ભક્તોની મજબૂરીનો ફાયદો ઉઠાવી મનમાની વસૂલાત કરી રહ્યા હોવાના આક્ષેપો થયા છે. ભક્તોના જણાવ્યા મુજબ, કોઈ રસીદ આપવામાં આવતી નથી અને ભાવમાં સ્પષ્ટ ભેદભાવ રાખવામાં આવે છે– રોકડ સસ્તી અને ઓનલાઈન મોંઘી.

સ્થાનિક સૂત્રો મુજબ, આ પાર્કિંગ સ્ટેન્ડ યોગ્ય પરવાનગી વિના શરૂ કરવામાં આવ્યો હોવાનું કહેવાય છે અને ગ્રામ પંચાયત અથવા વહીવટી તંત્રને કોઈ ટેક્સ ચૂકવાતો નથી. આ મામલે ગ્રામ પંચાયત દ્વારા આંખ આડા કાન કરાતા હોવાનો પણ આરોપ લાગી રહ્યો છે.

આ સમગ્ર ઘટનાનો વીડિયો એક જાગૃત ભક્તે પોતાના મોબાઈલમાં કેદ કરી વાયરલ કર્યો છે, જેના બાદ વહીવટી તંત્રની ભૂમિકા પર સવાલો ઊભા થયા છે. મહીસાગર નદી કિનારે આવેલા આ મંદિરે દર રવિવારે મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવતા હોવાથી, પાર્કિંગ વ્યવસ્થા પારદર્શક અને નિયમસર કરવાની તાત્કાલિક માંગ ઉઠી છે.

# સગીરાને એક રૂમમાં લઈ જઈ બે યુવકોએ સામૂહિક બળાત્કાર ગુજાર્યો

**પોલીસ** દ્વારા બે પૈકીને ઝડપી પાડ્યો, અન્ય વોન્ટેડ

**સગીરાને** મેડિકલ માટે એસએસજી હોસ્પિલમાં ખસેડાઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

શહેરના નવાયાર્ડ વિસ્તારમાં રહેતી 14 વર્ષીય સગીરાને એક રૂમમાં લઈને જઈને બળજબરીપૂર્વક બે યુવકો દ્વારા સામૂહિક દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતુ. જેની પિતાએ ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા દ્વારા પોલીસ દ્વારા એક શખ્સને હિરાસતમા લઈ લીધો છે. જ્યારે અન્ય ફરાર હોય તેને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે. પોલીસ દ્વારા પીડીત સગીરાનું મેડિકલ કરાવવા માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાં સગીરા તથા યુવતીઓ પર દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હોય તેવા બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. ત્યારે નવરાત્રી દરમિયાન ભાયલી વિસ્તારમાં તેના મિત્ર સાથે બેઠેલી સગીરા પરપ્રાંતિયો દ્વારા સામૂહિક દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું. જેને વડોદરા શહેર સહિત સમગ્ર ગુજરાતમાં પડઘા પડ્યાં હતા. ત્યારબાદ વધુ એકવાર વડોદરામાં ગેંગરેપની ઘટના સામે આવી છે. જેમાં ફતેગંજ વિસ્તારમાં રહેતા બે યુવકો દ્વારા તેમના વિસ્તારમાં રહેતી 14 વર્ષની સગીરાને એક રૂમમાં લઈ ગયાં હતા અને સગીરા પર વારાફરતી દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું. ત્રણ કલાક સુધી સગીરા પર વારંવાર બે યુવક દ્વારા બળાત્કાર ગુજારાયો હતો. ત્રણ કલાક બાદ સગીરા ઘરે આવી હતી. ત્યારે તેના પિતાએ પુછપરછ કરતા તેની સાથે બે જેટલા શખ્સો દ્વારા દુષ્કર્મ ગુજાર્યું હોવાની જણાવ્યું હતું.

સગીરાના પિતાએ જણાવ્યું હતું કે તેમની 11 વર્ષની દીકરી ઘરેથી નીકળી હતી ત્યારે બે યુવકો દ્વારા તેને એક રૂમમાં લઈ જઈને તેના સાથે સામહિક દુષ્કર્મ ગુજાર્યું હતું. ત્રણ કલાક સુધી સગીરાને બે યુવકો સગીરાના પીખતા રહ્યાં હતા. ત્યારબાદ સગીરા ગભરાઈને બહાર આવી ઘરે પહોચી હતી. જેથી અમે ફતેગંજ પોલીસ સ્ટેશનમાં સામૂહિક દુષ્કર્મ ગુજારનાર બંને યુવકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ત્યારે ફતેગંજ પોલીસ દ્વારા બે આરોપી પૈકીને એકને ઝડપી પાડવામાં આવ્યો છે. જ્યારે અન્ય ફરાર હોય તેની શોધખોળ શરૂ કરાઈ છે. ફતેગંજ પોલીસ દ્વારા ભોગ બનનાર 14 વર્ષની સગીરાને મેડિકલ કરાવવા માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

# ગોલ્ડન ચોકડી પાસેથી રૂપિયા 3.77 લાખના ચરસ સાથે બે શખ્સ ઝડપાયાં

**યુપીથી** ચરસ ખરીદી કરી લાવનાર બે શખ્સને એસઓજીએ પકડ્યાં

(પ્રતિનિધિ) વડોદરા તા.8

હરણી વિસ્તારમાં આવેલા ગોલ્ડન ટોલનાકા પાસેથી રૂ. 3.77 લાખના 1 કિલો 510 ગ્રામ ચરસ બે કેરીયરને એસઓજી પોલીસે ઝડપી પાડ્યાં હતા. ઉત્તરપ્રદેશના કાસંગજ રહેતા બે શક્સ પાસેથી ચરસ, કાર રૂ. 15 લાખ, બે મોબાઈલ અને રૂ. 30 હજાર તથા રોકડ રકમ મળી રૂ. 19.17 લાખનો મુદ્દામાલ કબજે કરી કોને ડિલિવરી આપવા માટે જતા હતા તેની પૂછપરછ શરૂ કરાઈ છે.

આગામી દિવસોમાં આવતા ઉત્તરાયણના તહેવારોમાં વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી તેમજ વડોદરા શહેરમાં નશીલા પર્દાર્થોના ખરીદ વેચાણ તથા હેરાફેરી અટકાવવા પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર દ્વારા ઓપરેશન કેક ડાઉન અંતર્ગત વડોદરા શહેરને



નશામુક્ત કરવા સુચના આપવામાં આવી હતી. જેના આધારે પીઆઈ એસ.ડી. રાતડા દ્વારા અલગ-અલગ ટીમો બનાવી નાર્કોટીક્સની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા શકમંદ ઉપર સતત રાખવા સાથે જુદી-જુદી જગ્યાએ કામગીરી સુચના આપી હતી. જેથી એસઓજી ટીમ ગોલ્ડન ચોકડી હાલોલ તરફથી વડોદરા તરફ આવતા રોડ ઉપર ટોલનાકા ખાતે વોચમાં હતા. દરમ્યાન હાલોલ તરફથી આવતી કાર શંકાસ્પદ લાગી હતી હતી. જેથી તેન ઉભી રખાવી તપાસ કરી હતી ત્યારે ચાલક સાબીર અનવરમીયા શેખ તથા બાજુની સીટ ઉપર જાહીદ બાબુભાઈ શેખ બેઠેલા હતા. જેથી તેમની પૂછપરછ કરવા સાથે કારમા તપાસ કરી હતી ત્યારે કારની પાછળની ડેકી જેપરના બોલ્ટનું બોક્ષમાંથી બે કાળી પ્લાસ્ટીકની થેલી સેલોટેપ વીટાળેલી હતી. જેથી તેને ખોલી જોતી શંકાસ્પદ નશીલો પદાર્થ મળી આવ્યો હતો. જેથી એસઓજી પોલીસે એફએસએલ ટીમને બોલાવી ચકાસણી કરાવી હતી ત્યારે આ શંકાસ્પદ પદાર્થ ચરસ હોવાનું જાણવા મળ્યું હતું. જેથી એસઓજીએ તેમની પાસેથી 1.510 કિલો ગ્રામ રૂ.3.77 લાખ ઝડપી પાડવામાં આવ્યો હતો. જથ્થો કોને મંગાવ્યો હતો અને તેની પૂછપરછ કરાતા હાથીખાના વિસ્તારમાં રહેતા હાસીમના નામના શખ્સે ચરસનો જથ્થો ભરી આપ્યો હતો અને યુપી કાસગંજ ખાતેથી ખરીદ કરી લાવ્યો હોવાનુ જણાવ્યું હતું. એસઓજી પોલીસ દ્વારા સાબીર અનવરમીયા શેખ તથા જાહીદ બાબુભાઈ શેખની ધરપકડ કરી હતી. જ્યારે હાસીમ સાબીર અનવરમીયા શેખને વોન્ટેડ જાહેર કર્યો છે.

# બાયો કેમેસ્ટ્રીના લેક્ચર હોલમાં ચાલુ ક્લાસમાં વિદ્યાર્થિનીની તબિયત લથડી

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

બાયો કેમેસ્ટ્રી ખાતે આવેલા લેક્ચર હોલમાં ચાલુ ક્લાસ દરમિયાન એક વિદ્યાર્થીનીની તબિયત લથડતા એમ્બ્યુલન્સ ઘટના સ્થળે બોલાવાઈ હતી અને યુવતીને તાત્કાલિક સારવાર માટે યુનિવર્સિટીના હેલ્થ સેન્ટર ખસેડાઈ હતી.



વિશ્વ વિખ્યાત વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીમાં અગાઉ પણ અનેક વખત વિદ્યાર્થિનીઓની તબિયત લથડી હોવાની ઘટનાઓ બની છે. જોકે, આવી ઘટનાઓમાં યુનિવર્સીટી પ્રસાશન દ્વારા ત્વરિત પગલાં લેવામાં આવતા હોય છે. ત્યારે, ગુરૂવારે વધુ એક ઘટના બની હતી. જેમાં યુનિવર્સિટી તંત્ર દ્વારા સત્વરે કામગીરી કરાતા સૌને હાશકારો થયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના બાયો-કેમિસ્ટ્રી ખાતે આવેલી પ્રોફેસર સી.વી. રામકૃષ્ણ લેક્ચર હોલમાં ચાલુ ક્લાસ દરમિયાન એક વિદ્યાર્થિનીની અચાનક તબિયત લથડતા તાત્કાલિક સારવાર માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતાં મેનેજમેન્ટ દ્વારા એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી અને યુવતીને તાત્કાલિક સારવાર અર્થે યુનિવર્સિટીના હેલ્થ સેન્ટર ખાતે ખસેડવામાં આવી હતી, ઘટનાને પગલે થોડા સમય માટે ક્લાસમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પરંતુ યુનિવર્સિટી તંત્ર દ્વારા સમયસર કાર્યવાહી કરાતા સ્થિતિ પર કાબૂ મેળવી લેવાયો હતો.

### શહેર સયાજીબાગના 147મા સ્થાપના દિવસે વડોદરાને મળી 'રોયલ' ભેટ

# હવે સફેદ વાઘની ડણકથી ગુંજશે કમાટીબાગ!


**મેયરના** હસ્તે સફેદ વાઘની જોડી સહિત રિવર વ્યુ વોકવે અને ઔષધી વનનું લોકાર્પણ; શહેરીજનોમાં ભારે ઉત્સાહ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેરની ઓળખ અને પર્યટકોનું મનપસંદ સ્થળ એવા સયાજીબાગ નો આજે 147મો સ્થાપના દિવસ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ ખાસ પ્રસંગે વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકો માટે અનેક નવી સુવિધાઓ અને નજરાણાં ખુલ્લા મૂકવામાં આવ્યા હતા, જેમાં સૌથી મુખ્ય આકર્ષણ રાજકોટથી લાવવામાં આવેલી સફેદ વાઘની જોડી રહી હતી.

આજના પાવન દિવસે વડોદરાના પ્રથમ નાગરિક અને મેયર પિંકીબેન સોની, ડેપ્યુટી મેયર ચિરાગભાઈ બારોટ, સ્થાયી સમિતિના અધ્યક્ષ, મ્યુનિસિપલ કમિશનર અને વિવિધ કાઉન્સિલરોની હાજરીમાં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મહાનુભાવોએ સયાજીબાગના વિકાસના કાર્યોને બિરદાવ્યા હતા અને મહારાજા સયાજીરાવ ગાયકવાડને યાદ કર્યા હતા, જેમણે 1879માં આ સુંદર બાગ જનતાને અર્પણ કર્યો હતો.

એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત રાજકોટ ઝૂમાંથી લાવવામાં આવેલી 3 વર્ષની સફેદ વાઘ અને વાઘણની જોડીને આજે વિધિવત રીતે પ્રવાસીઓ માટે ખુલ્લી મૂકવામાં આવી હતી. લાંબા સમયથી પ્રતીક્ષા કરી રહેલા નગરજનો હવે આ સફેદ વાઘને નજીકથી જોઈ શકશે. 103 એકરમાં ફેલાયેલો આ ઐતિહાસિક બાગ વડોદરાની સંસ્કૃતિ અને પર્યાવરણનું અભિન્ન અંગ છે. આજના નવા આકર્ષણો ઉમેરાતા આગામી દિવસોમાં અહીં પ્રવાસીઓની સંખ્યામાં મોટો ઉછાળો જોવા મળશે તેવી સંભાવના છે.



### વિકાસ કાર્યોનું લોકાર્પણ કરાયું હતું

**રિવર વ્યુ વોકવે:** વિશ્વામિત્રી નદીના કિનારે 200 મીટર લાંબો રિવર વ્યુ વોકવે તૈયાર કરાયો છે, જ્યાં નાગરિકો કુદરતી નજારા સાથે મોર્નિંગ વોકનો આનંદ માણી શકશે.

**ઔષધીય વન:** 178 જેટલી વિવિધ ઔષધીય વનસ્પતિઓ ધરાવતું વન પ્રજા માટે ખુલ્લું મુકાયું છે. જેમાં તજ, હરડે, કપૂર, અને ઇન્સ્યુલિન પ્લાન્ટ જેવા છોડ વિશેની માહિતી પણ ઉપલબ્ધ છે.

**સ્પોટ ફ્લાવર શો:** ગાર્ડનમાં 22,000 જેટલા ફૂલોના છોડ સાથે આકર્ષક ફ્લાવર શોનું આયોજન કરવામાં આવ્યું છે.

**મિની લાઈબ્રેરી:** વાંચન પ્રેમીઓ માટે એનજીઓના સહયોગથી બે મિની લાઈબ્રેરી શરૂ કરાઈ છે.

**સેલ્ફી પોઈન્ટ અને લાઈટિંગ:** 'આઈ લવ સયાજીબાગ' સેલ્ફી પોઈન્ટ અને રાત્રિના સમયે આકર્ષક એલઇડી ઈલ્યુમિનેશનથી ગાર્ડનની શોભામાં વધારો થયો છે.

**પર્યાવરણ જતન:** ચકલીઓના સંરક્ષણ માટે બાગમાં 30 જેટલા માળાઓ પણ મૂકવામાં આવ્યા છે.

## વચગાળાના જામીન પર છુટ્યા બાદ પાકાનો કેદી બારોબાર ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા સેન્ટ્રલ જેલમાં સજા ભોગવતા પાકા કેદી દિપકભાઈ ઉર્ફે દાજી મલાભાઈ પગી, (રહે. વેણા તા. સંતરામપુર જી.મહિસાગર) પોક્સોના ગુનામાં નામ એડી.સેશન્સ કોર્ટ લુણાવાડા દ્વારા 10 વર્ષની કેદ તથા દંડ રૂ.11 હજારનો દંડ ભરવાની સજા કરવામાં આવી હતી. કેદીએ પરીવારને મદદરૂપ થવા જવાના કારણસર દિન-14 માટે 1 ડિસેમ્બરના રોજ વચગાળા જામીન પર મુક્ત કરેલા અરજી કરી હતી. 11 ડિસેમ્બરના રોજ જેલમાં હાજર થવાનું હતુ પરંતુ આ કેદી હાજર નહી થતા બારોબાર ફરાર થઈ ગયો હતો. જેથી પોલીસે આ કેદીને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે જેલમાં સજા કાપી રહેલા કેદીઓ અવાર નવાર પેરોલ, ફર્લો તથા વચગાળાના જામીન પર પર મુક્ત થયા બાદ બહાર આવતા હોય છે. પરંતુ આ કેદીઓ પરત હાજર થતા નથી નાસતા ફરતા હોય છે. ત્યારે પેરોલ ફર્લો સ્કોડ દ્વારા આરોપીઓની શોધખોળ કરાઈ રહી છે.

### પાલિકાની કામગીરી : 'પારકા' પર પસ્તાળ અને 'પોતાના' પર વ્હાલ?

# ખંડેરાવ માર્કેટમાં માત્ર મહારાષ્ટ્ર પાસિંગની 4 ફૂલોની ગાડીઓ પકડી સંતોષ માનતી પાલિકા

**નારિયેળના** મોટા વેપારીઓ સામે તંત્રના 'આંખ આડા કાન'

(પ્રતિનિધિ) વડોદરા તા.8

મહાનગરપાલિકાની દબાણ શાખા દ્વારા શહેરના ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં ફૂલો ભરેલી ચાર ગાડીઓ પકડી પાડી દંડની વસૂલાત કરવામાં આવી હતી. જોકે, પાલિકાની આ કામગીરી બાદ શહેરમાં અને વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચર્ચા છે કે પાલિકાની ટીમ માત્ર બહારથી આવતા વેપારીઓને ટાર્ગેટ કરી રહી છે, જ્યારે સ્થાનિક વગદાર નારિયેળ અને ફળોના વેપારીઓ સામે કાર્યવાહી કરતા પાલિકાના અધિકારીઓના હાથ ધ્રૂજી રહ્યા છે.



મળતી માહિતી મુજબ, દબાણ શાખાની ટીમે ખંડેરાવ માર્કેટ પાસેથી મહારાષ્ટ્ર પાસિંગની ફૂલો ભરેલી ચાર ગાડીઓ ઝડપી પાડી હતી. આ ગાડીઓને પાલિકા કચેરી ખાતે કમિશનરના ગેટ પાસે લાવી ઊભી રાખી દેવામાં આવી હતી અને દંડ ફટકાર્યો હતો. પાલિકાના અધિકારીઓ જાણે બહુ મોટો જંગ જીત્યા હોય તેમ પોતાની પીઠ થાબડી રહ્યા છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે.

ખંડેરાવ માર્કેટમાં વહેલી સવારે 4 થી 8 વાગ્યા દરમિયાન સ્થિતિ અત્યંત ગંભીર હોય છે. ત્યાં અંદાજે 100 થી 150 જેટલી ફૂલ-ફળની ગાડીઓ ખડકાયેલી હોય છે, જેના કારણે સામાન્ય નાગરિકોને ચાલવું પણ મુશ્કેલ બને છે. ખાસ કરીને નારિયેળની 18 થી 20 જેટલી મોટી ગાડીઓ કાયમી અડિંગો જમાવીને ઊભી હોય છે. છતાં પણ દબાણ શાખા આ મોટા વેપારીઓ સામે કોઈ પગલાં લેતી નથી. શું આ સ્થાનિક વેપારીઓ પર પાલિકાના અધિકારીઓ મહેરબાન છે? તેવો સવાલ ઉઠ્યા છે.

પાલિકાની આ કામગીરીથી એ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખા માત્ર નાના અથવા બહારથી આવતા વેપારીઓ પર જ જોર બતાવી શકે છે. ખંડેરાવ માર્કેટના મુખ્ય માર્ગો પર થતા કાયમી દબાણો દૂર કરવામાં તંત્ર સદંતર નિષ્ફળ રહ્યું છે. હવે જોવાનું એ રહે છે કે, શું આગામી દિવસોમાં પાલિકા નારિયેળના વગદાર વેપારીઓ સામે લાલ આંખ કરશે કે પછી 'પારકા' ને દંડીને સંતોષ માની લેશે?